**647510** **BA02GujC104B** **Seat No :________**

# B.A. Semester - 2 (*CBCS*) Examination
# March/April – 2025 (New Course)
# GUJARATI P4: GUJARATI VYAKARAN SARJAN LEKHAN KAUSHAL-2 (CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો. (14)

ધર્મને નામે જગતમાં જેટલાં યુદ્ધો, લડાઈઓ, ઝગડાઓ થયાં છે, તેટલાં અન્ય કશાયે નામે થયાં નથી. ધર્મ એટલે શું, એ ભાગ્યે જ યથાર્થ અર્થમાં જગતને, જગતના સામાન્ય જનસમાજને સમજાયું હશે! બાહ્યાચાર કાંઈ ધર્મ નથી, સાંપ્રદાયિકતા પણ ધર્મ નથી. સંગઠિત થઈને સરખો વેશ ધારણ કરવો કે સરખી ક્રિયા કરવી તે પણ ધર્મ નથી. ધર્મ, મનુષ્યને અગ્નિદાહ દેવામાં કે, કબ્રસ્તાનમાં દાટવામાં જ ચરિતાર્થ થતો નથી. બાહ્ય પરંપરા સાથે ધર્મને કોઈ સંબંધ નથી. ધર્મ કોઈનો ધિક્કાર કરવાનું કયારેય શીખવતો નથી. ખરો ધર્મ હૃદય-ધર્મ છે. માટે ધર્મ બહાર નથી, અંદર છે. ધર્મ એ અનુભવનો વિષય છે.

- દાદા ધર્માધિકારી

અથવા

પ્રશ્ન.૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.

લોકગીત એ સાહિત્યનું મૂળ ધન કહેવાય, લોકવાર્તા જેમ ઈતિહાસ, પુરાણ અને નવલકથા ઈત્યાદિ અભિજાત સાહિત્યનો ઉગમ છે તેમ લોકગીતો પણ અખંડકાવ્ય અને મહાકાવ્ય, વીણાકાવ્ય અને ચારણકાવ્ય, નાટક અને ચમ્પૂ. દરેક રસાત્મક કૃતિનું મૂળ છે. લોકગીતોનું માધુર્ય વનલતાની શોભા જેવું સ્વભાવ-સુંદર હોય છે. કોઈ પણ સમાજનું સાચું સ્વરૂપ જોવું હોય તો તેના લોકગીત તરફ જોવું પડે.

- કાકાસાહેબ કાલેલકર

પ્રશ્ન.૨ નીચે આપેલા ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (14)

જીવનમાં સુખદુ:ખનું સ્થાન સુદ અને વદ જેવું, પૂનમ અને અમાસ જેવું તથા દિવસ અને રાત જેવું છે. એક જ કિનારીવાળી નદી ન હોઈ શકે, એક જ પડની ઘંટી ન હોઈ શકે અને એક જ બાજુવાળો સિક્કો ન હોઈ શકે. રાતના અસ્તિતત્વ વગર દિવસનું અસ્તિત્વ અસંભવ છે. સુખ અને દુ:ખ સમયનાં જોડિયાં સંતાનો છે. ગીતા એમને દ્વન્દ્વ કહે છે. ભકત તે જે દ્વન્દ્વાતીત છે. એક માણસ પાસે ઘર નથી તેથી દુ:ખી છે. બીજો માણસ ઘર છે, પણ તબિયત નરમ રહે તેથી દુ:ખી છે. ત્રીજો માણસ પોતાના ઘરમાં એરકન્ડિશનર છે પણ બગડી ગયું છે તેથી દુ:ખી છે. ચોથો માણસ એરકન્ડિશનર છે પરંતુ વિદ્યુતપ્રવાહ કપાઇ ગયો છે તેથી દુ:ખી છે અને પાંચમો માણસ એરકન્ડિશન્ડ ઓરડામાં પણ ઊંઘ નથી આવતી તેથી દુ:ખી છે. તે ઘર વગરના માણસને ઝાડ નીચે ઊંઘતો જુએ છે અને એની અદેખાઈ કરે છે. ટૂંકમાં, આપણા દુ:ખને આપણા મનનો રંગ લાગી જાય છે. સુખદુ:ખના મૂળમાં મન રહેલું છે.

-ગુણવંત શાહ

અથવા

પ્રશ્ન.૨ નીચે આપેલા ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.

'પુસ્તક' આધુનિક માનવીને આનંદ આપનાર સૌથી અને સર્વ શિષ્ટ સાધન છે તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની સાથે એવી મહોબ્બત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઇ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને કયારેક તો પુસ્તક પાસે જ ખુલ્લી કરે છે. પુસ્તક માનવી માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિષયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો-લાગણીઓ-ધબકાર, જ્ઞાન, માહિતી કંઇ કેટલુંય સંયોજિત થઇને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો. સફર કરી શકો છો. પુસ્તક એક જાદુઇ દીવો છે. દીવાની પાસે એકલા બેઠા હોઇએ અને સાથે પુસ્તક હોય એનો જેવો આનંદ દુનિયામાં એકેય નથી.

– મોહમ્મદ માંકડ

પ્રશ્ન.3 ગુજરાતી ભાષાના વિરામચિહ્નોને સદ્રષ્ટાંત સમજાવો. (14)

અથવા

પ્રશ્ન.3 સમાસની વ્યાખ્યા આપી, તત્પુરુષ સમાસ અને કર્મધારય સમાસ ઉદાહરણ સાથે સમજાવો.

પ્રશ્ન.૪ નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી, તેનો વાકય રચનામાં પ્રયોગ કરો. (14)

૧) હૈયે હૈયું દળાય
૨) છાતી ગજગજ ફૂલવી
૩) કાળાં ધોળાં કરવાં
૪) મોતિયા મરી જવા
૫) વાઘના દાંત ગણવા
૬) આકાશપાતાળ એક કરવા
૭) કોણીએ ગોળ લગાવવો

અથવા

પ્રશ્ન.૪ નીચેની કહેવતો સમજાવી, તેનો વાકયમાં પ્રયોગ કરો.

૧) ઉતાવળે આંબા ન પાકે
૨) કાંકરે કાંકરે પાળ બંધાય
૩) ઘરે ઘરે માટીના ચૂલા
૪) રાત થોડી ને વેશ ઝાઝા
૫) ધીરજના ફળ મીઠાં
૬) શેઠની શીખામણ ઝાપા સુધી
૭) લીલા વનમાં સૂડા ઘણા

પ્રશ્ન.૫ કોઈપણ બે પ્રશ્નના જવાબ લખો. (14)

૧) દ્વન્દ્વ સમાસના સાત ઉદાહરણ આપો.
૨) ઉપપદ સમાસ સદ્રષ્ટાંત સમજાવો.
૩) ગદ્યખંડના વિવરણકારની સજ્જતા વિશે નોંધ લખો.
૪) નીચેની કહેવતો પુરી કરો.

૧. કૂવામાં હોય તો ................
૨. ગરજ સરી એટલે ..............
૩. પારકે ભાણે ...............
૪. પારકી આશા .............
૫. માગ્યા વિના ..............
૬. કીડીને કણ ............
૭. પાકા ઘડે ..........

************************